# ઉધનાથી 10 હજારથી વધુ મુસાફરો રવાના

**તાપ્તી** ગંગા, અંત્યોદય સહિત સવારે 10:30 સુધી સ્પેશિયલ ટ્રેનો દોડી

**ભીડ** ઘટતા જયનગર જતી બે ટ્રેનો રદ કરવી પડી

સુરતઃ દિવાળી અને છઠ પૂજા પર વતન જતા મુસાફરોની રવાનગી 25 ઓક્ટોબરથી ઝડપી બનાવવામાં આવી છે. ઉધના રેલવે સ્ટેશન પર 24 ઓક્ટોબરની રાતથી જ મુસાફરોનો જમાવડો શરૂ થઈ ગયો હતો. ભીડને નિયંત્રિત કરવા માટે પશ્ચિમ રેલવેના મુંબઈ મંડળના DRM સહિતના અધિકારીઓ મોડી રાતથી જ ક્રાઉડ મેનેજમેન્ટની તૈયારીઓમાં લાગી ગયા હતા. રાત્રે 11:30 વાગ્યાથી 25 ઓક્ટોબરની સવારે 10:30 વાગ્યા સુધી ઉધનાથી સ્પેશિયલ ટ્રેનોની સાથે અંત્યોદય એક્સપ્રેસ અને તાપ્તી ગંગા એક્સપ્રેસનું સંચાલન થયું હતું. આ ટ્રેનોથી 10 હજારથી વધુ મુસાફરો રવાના થયા હતા. રેલવેના આંકડા મુજબ, અલગ-અલગ ટ્રેનોમાં લગભગ 10,800 થી 11,200 મુસાફરોએ મુસાફરી શરૂ કરી હતી. જોકે, સવારે 10:30 વાગ્યા પછી સ્ટેશન પર મુસાફરોની ભીડ અચાનક ઘટી ગઈ હતી. જેથી

રેલવેના કંટ્રોલ મેસેજ મુજબ, ટ્રેન નંબર 09073 ઉધના-જયનગર, જે 25 ઓક્ટોબરે સવારે 11:30 વાગ્યે રવાના થવાની હતી, તેને માંગ ન હોવાના કારણે રદ કરવામાં આવી હતી. આ જ રીતે 09074 જયનગર-ઉધનાની 27 ઓક્ટોબરની સેવા પણ રદ કરાઈ. ટ્રેન નંબર 09071 ઉધના-જયનગરની 25 ઓક્ટોબરે બપોરે 1 વાગ્યાની સેવા અને 09072 જયનગર-ઉધનાની 27 ઓક્ટોબરની સેવા પણ રદ કરવામાં આવી છે.

સ્પેશિયલ ટ્રેનોના સંચાલન દરમિયાન ટિકિટ ચેકિંગ સ્ટાફની સાથે RPF અને GRPના જવાનો તૈનાત રહ્યા હતા. કેટલીક ટ્રેનોમાં 25 ટિકિટ ચેકિંગ કર્મચારી અને 65 થી 75 સુરક્ષા જવાનોની તૈનાતી નોંધવામાં આવી હતી.

### કઈ ટ્રેનોમાં કેટલા મુસાફરો રવાના થયા

» 09041 ઉધના-હસનપુર સ્પેશિયલઃ 24 ઓક્ટોબરે રાત્રે 11:30 ને બદલે 11:45 વાગ્યે રવાના થઈ. તેમાં લગભગ 2,300 થી 2,400 મુસાફરો સવાર થયા.

» 04168 ઉધના-કાનપુર સ્પેશિયલઃ 24 ઓક્ટોબરે રાત્રે 11:25 વાગ્યે નિર્ધારિત સમયે રવાના થઈ. તેમાં લગભગ 1,400 થી 1,500 મુસાફરોએ મુસાફરી કરી.

» 09045 ઉધના-મધુબની સ્પેશિયલઃ 25 ઓક્ટોબરે રાત્રે 1:30 ને બદલે 1:45 વાગ્યે રવાના થઈ. તેમાં લગભગ 1,400 થી 1,500 મુસાફરો સવાર થયા.

» 09047 ઉધના-મધુબની સ્પેશિયલઃ સવારે 5:30 ને બદલે 5:45 વાગ્યે રવાના થઈ. તેમાં લગભગ 1,900 થી 2,000 મુસાફરો સવાર થયા.

» 22564 ઉધના-જયનગર અંત્યોદય એક્સપ્રેસઃ સવારે 8:35 વાગ્યે નિર્ધારિત સમયે રવાના થઈ. તેમાં લગભગ 2,400 થી 2,500 મુસાફરો સવાર થયા.

» 19045 તાપ્તી ગંગા એક્સપ્રેસઃ સવારે 10:20 વાગ્યે નિર્ધારિત સમયે રવાના થઈ. તેમાં લગભગ 1,800 થી 1,900 મુસાફરો સવાર થયા.

# JEEના પ્રથમ સેશન માટે રજિસ્ટ્રેશન શરૂ, 22 નવેમ્બર છેલ્લી તારીખ

**જાન્યુઆરીમાં** 20થી 28 દરમિયાન પરીક્ષા યોજાશે

સુરતઃ દેશની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE Main) 2027ના પ્રથમ સેશન માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જાન્યુઆરી 2027માં યોજાનારી પરીક્ષા માટે ઉમેદવારો 22 નવેમ્બર, 2026 સુધી ઓનલાઇન અરજી કરી શકશે.

NTA દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, નિયત સમયમર્યાદામાં અરજી ન કરી શકનારા ઉમેદવારો રૂ. 500 લેટ ફી સાથે 23થી 26 નવેમ્બર દરમિયાન ફોર્મ ભરી શકશે. ત્યારબાદ 27થી 29 નવેમ્બર દરમિયાન અરજીમાં જરૂરી સુધારા કરવા માટે કરેક્શન વિન્ડો ખુલ્લી રહેશે. JEE Main 2027ના પ્રથમ સેશનની પરીક્ષા 20, 21, 22, 23, 24 અને 28 જાન્યુઆરીએ બે શિફ્ટમાં યોજાવાની છે. પ્રથમ શિફ્ટ સવારે 9થી બપોરે 12 વાગ્યા સુધી અને બીજી શિફ્ટ બપોરે 3થી સાંજે 6 વાગ્યા સુધી રહેશે.

### ગુજરાતી ભાષામાં પણ આપી શકાશે પરીક્ષા

વિદ્યાર્થીઓની સુવિધા માટે JEE Mainની પરીક્ષા અંગ્રેજી અને હિન્દી ઉપરાંત ગુજરાતી સહિત દેશની 13 ભાષાઓમાં યોજાશે. ગુજરાત, દમણ-દીવ તથા દાદરા અને નગર હવેલીનાં પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાનો વિકલ્પ પસંદ કરી શકશે. આથી ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરીક્ષા આપતી વખતે ભાષાકીય સુવિધા મળશે.

# વેસુના સ્ટુડિયોમાંથી ભાડે લીધેલા કેમેરા પચાવી પાડ્યા

**સાગર** નાકરાણી સામે ૩.૧૨ લાખની ઠગાઇની ફરિયાદ

સુરતઃ વેસુ ખાતે ફોટોગ્રાફીના સાધનો ભાડે આપતા સ્ટુડિયો સંચાલક સાથે લાખો રૂપિયાની કિંમતના સાધનો ભાડે લઈ પરત નહીં આપનાર સામે વેસુ પોલીસ સ્ટેશનમાં રૂા. ૩.૧૨ની ઠગાઈની ફરિયાદ કરવામાં આવી છે.

સિટીલાઈટ વિસ્તારમાં સિદ્ધાર્થ કોમ્પ્લેક્સ ખાતે રહેતા અને વેસુમાં આગમ હેરીટેજની સામે સોમેશ્વર સ્ક્વેર ખાતે દુકાન નં. ૭૪૬ માં 'ગ્લેમર ફોટો સ્ટુડિયો' ચલાવતા સંજય સુરેન્દ્રસિંહ તોમર (ઉં.વ. ૨૯) ફોટોગ્રાફી, શૂટિંગ તેમજ કેમેરા અને લેન્સ ભાડે આપવાનું કામ કરે છે. તેમના જૂના મિત્ર શુભમ પટેલે અગાઉ તેમનો સંપર્ક કરી જણાવ્યું હતું કે સાગર નાકરાણી નામનો શખ્સ ફોટોગ્રાફીનું કામ કરે છે અને તેને મોટા ઓર્ડર મળતા હોવાથી નિયમિતપણે કેમેરા અને લેન્સ ભાડે જોઈએ છે.

જે બાદ સાગર નાકરાણીએ સંજયભાઈનો સંપર્ક કરી તેના મિત્ર નૈનેશ ચાંપાનેરિયા મારફતે કેમેરા મંગાવ્યા હતા. ગત તા. ૦૨/૦૧/૨૦૨૬ ના રોજ નૈનેશ સ્ટુડિયો પર આવ્યો હતો અને ચાર દિવસ માટે કેમેરો અને લેન્સ ભાડે લીધા હતા.

તેને કુલ રૂપિયા રૂપિયા ૩,૧૨,૧૩૯ના કેમેરા, ચાર્જર, બેટરી કેબલ સહિતના સાધનો દૈનિક ભાડાના કરાર પર આપવામાં આવ્યા હતા. શરૂઆતમાં આરોપીએ થોડું ભાડું ચૂકવ્યું હતું અને બાદમાં વધુ ઓર્ડર હોવાનું જણાવી વધુ સમય માટે સાધનો રાખ્યા હતા. સમય વીતી જવા છતાં અને અવારનવાર માંગણી કરવા છતાં સાગર નાકરાણીએ કેમેરો અને લેન્સ પરત ન કર્યા હતા તેમજ ફોન રીસીવ કરવાનું પણ બંધ કરી દીધું હતું. પાછળથી મિત્ર શુભમની મધ્યસ્થી સાગરે એક મહિનામાં સાધનો પરત કરી દેવાનું લિખિત બાંહેધરી આપી હતી, પરંતુ તેમ છતાં સાધનો પરત કર્યા નહોતા. અંતે કંટાળીને સ્ટુડિયો સંચાલકે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# લિંબાયતમાં દિવ્યાંગતાને કારણે સગાઈ ન થતાં યુવતીએ ફાંસો ખાધો

સુરતઃ લિંબાયત વિસ્તારમાં દિવ્યાંગ યુવતીએ ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવતીની દિવ્યાંગતાને કારણે સગાઈ ન થતી હોવાથી તે માનસિક તણાવમાં હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, લિંબાયતના શાંતિનગરમાં રહેતી 21 વર્ષીય આરતી સુનિલ મોરે પગે દિવ્યાંગ હતી. પરિવારમાં તેનો એક ભાઈ મૂકબધિર છે, જ્યારે અન્ય ભાઈ માર્કેટમાં નોકરી કરીને પરિવારને આર્થિક રીતે મદદ કરે છે. તેની માતા ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આરતીના પિતાનું પણ બે વર્ષ અગાઉ ટ્રેનની અડફેટે આવી જવાથી મોત થયું હતું. ગત સાંજે આરતીએ પોતાના ઘરમાં પંખાના હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી, પરંતુ તપાસ દરમિયાન તેને મૃત જાહેર કરવામાં આવી હતી. આરતીએ દિવ્યાંગતાને કારણે સગાઈ ન થતી હોવાથી તે માનસિક તણાવમાં હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાંદેરમાં મજાકમાં 'ડુક્કર' કહેવા મુદ્દે મિત્રની હત્યા કરી નાંખી

**ઘવાયેલા** ઇરફાન ઉર્ફે કમાન્ડો ની હાલત પણ હાલ ગંભીર

સુરતઃ રાંદેરમાં મિત્રો વચ્ચેની મજાક-મસ્તી દરમિયાન થયેલી સામાન્ય બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. એકબીજાને 'ડુક્કર' કહેવા મુદ્દે થયેલા ઝઘડામાં રીક્ષાચાલક યુવાન પર મિત્રે જ ચપ્પુથી ઉપરાઉપરી હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતાં પોલીસે બે આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રાંદેરના બાપુનગર બોરડી વિસ્તારમાં રહેતા અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા જાવિદ મુબીન શેખ (ઉ.વ. ૩૬) ગત ૨૪ ઓક્ટોબરે રાત્રે આશરે દસ વાગ્યાના સુમારે શિતલ ચાર રસ્તા પાસે સુભાષનગરમાં ગણપત ફર્નિચરના ગેટ નજીક પોતાના મિત્રો આરીફ ઉર્ફે ઈલ્લા, મુકા, મન્સુર, શાહુલ અને ઈમરાન કાલિયા સાથે બેઠો હતો.

આ દરમિયાન ઈરફાન ઉર્ફે કમાન્ડો પણ ત્યાં આવ્યો હતો અને મિત્રો સાથે વાતચીતમાં જોડાયો હતો.વાતચીત દરમિયાન મજાક-મસ્તીમાં ઈરફાને જાવિદને 'ડુક્કર' કહી સંબોધતાં જાવિદે પણ સામે એ જ શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ બાબતે ઈરફાન ઉશ્કેરાઈ જતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો.ઝઘડા દરમિયાન જાવિદે પોતાની પાસે રહેલા ચપ્પુથી ઈરફાનના કપાળના ભાગે ઘા માર્યો હતો. ત્યારબાદ ઈરફાને તેના મિત્ર અસ્ફાક ઉર્ફે આસુ દાઉદ મિયાણીને બૂમ પાડીને ચપ્પુ લઈને બોલાવ્યો હતો.

અસ્ફાક ચપ્પુ લઈને આવતાં ઈરફાને તેની પાસેથી ચપ્પુ લઈ જાવિદ પર ઉપરાઉપરી હુમલો કર્યો હતો.આ હુમલામાં જાવિદના ડાબા કપાળ, ડાબી છાતી, ડાબી પીઠ તથા બંને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. લોહીલુહાણ હાલતમાં જાવિદ જમીન પર ફસડાઈ પડતાં સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં ઈરફાનને પણ ઈજા થઈ હતી.બનાવ બાદ ઈજાગ્રસ્ત જાવિદને રીક્ષામાં બેસાડીને ઝૈનબ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ઈરફાનને પણ મોપેડ પર બેસાડીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો. ત્યારબાદ જાવિદને વધુ સારવાર માટે રામનગરની લાઈફલાઈન હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

મૃતકની પત્ની રેશમાબેગમ જાવિદ મુબીન શેખની ફરિયાદના આધારે રાંદેર પોલીસે ઈરફાન ઉર્ફે કમાન્ડો રમઝાન શેખ (રહે. ઈલાહી ટેનામેન્ટ, રાંદેર) અને અસ્ફાક ઉર્ફે આસુ દાઉદ મિયાણી (રહે. સુલ્તાનીયા જીમખાના, રાંદેર) સામે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રેલવેના મુસાફરોને મળશે 45 પૈસામાં 10 લાખનું વીમા કવચ

**હવે** રેલવે કાઉન્ટરથી ટિકિટ લેનારાઓને પણ મળશે ટ્રાવેલ ઈન્સ્યોરન્સ

**27** ઓક્ટોબરથી યોજના લાગુ થશે, સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ રેલવે બોર્ડનો આદેશ

**વીમા** માટે મુસાફરની સંમતિ અને ડિજિટલ પેમેન્ટ જરૂરી



સુરતઃ રેલવેના રિઝર્વેશન કાઉન્ટરથી ટિકિટ બુક કરાવનારા મુસાફરોને પણ હવે ટ્રાવેલ ઈન્સ્યોરન્સનો લાભ મળશે. ભારતીય રેલવેએ ઓનલાઈન ઈ-ટિકિટની જેમ જ આરક્ષણ કાઉન્ટરથી ટિકિટ લેનારા મુસાફરો માટે પણ વૈકલ્પિક યાત્રા વીમા યોજના લાગુ કરવાનો નિર્ણય લીધો છે. રેલવે બોર્ડે 24 ઓક્ટોબર 2026 ના રોજ આ સંબંધમાં નિર્દેશ જારી કર્યા છે. સુપ્રીમ કોર્ટના 6 ઓક્ટોબર 2026 ના આદેશના પાલનમાં આ સુવિધા 27 ઓક્ટોબરથી પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટરો પર શરૂ થશે.

અત્યાર સુધી આ વીમા સુવિધા મુખ્યત્વે ઓનલાઈન ઈ-ટિકિટ બુકિંગ દરમિયાન જ ઉપલબ્ધ હતી. નવી વ્યવસ્થાથી કાઉન્ટર પર રિઝર્વ ટિકિટ ખરીદનારા મુસાફરોને પણ અકસ્માતની સ્થિતિમાં આર્થિક સુરક્ષા મળી શકશે.

### ડિજિટલ પેમેન્ટ અને સંમતિ ફરજિયાત

રેલવે બોર્ડના નિર્દેશ મુજબ, આ યોજનાનો લાભ લેવા માટે મુસાફરની સ્પષ્ટ સંમતિ જરૂરી રહેશે. મુસાફરે પોતાનો મોબાઈલ નંબર આપવાનો રહેશે અને પ્રીમિયમનું ચૂકવણું ડિજિટલ માધ્યમથી કરવાનું રહેશે. વીમો સંપૂર્ણપણે વૈકલ્પિક રહેશે. સંમતિ વિના મુસાફર પર વીમો થોપવામાં આવશે નહીં. ટિકિટના ભાડાની સાથે વીમા પ્રીમિયમ પણ ડિજિટલ રીતે લેવામાં આવશે. કાઉન્ટર કર્મચારીઓએ મુસાફરોને વીમાની શરતો અને પોલિસીની જાણકારી મોબાઈલ પર મળવાની પ્રક્રિયા સમજાવવાની રહેશે.

### મૃત્યુ પર 10 લાખ, સારવાર માટે 2 લાખ સુધી

યોજના હેઠળ પ્રતિ મુસાફર GST સહિત માત્ર 45 પૈસા પ્રીમિયમ આપવાનું રહેશે. વીમા કવરમાં અકસ્માતમાં મૃત્યુ થવા પર 10 લાખ રૂપિયા અને કાયમી સંપૂર્ણ દિવ્યાંગતા પર 10 લાખ રૂપિયા મળશે. કાયમી આંશિક દિવ્યાંગતાની સ્થિતિમાં 7.5 લાખ રૂપિયા સુધી, હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર કરાવવા માટે 2 લાખ રૂપિયા સુધી અને મૃતકના પાર્થિવ શરીરને લઈ જવા માટે 10 હજાર રૂપિયા સુધીની સહાયની જોગવાઈ છે.

### 27 ઓક્ટોબર પહેલા તૈયારીઓ પૂર્ણ કરવાના નિર્દેશ

આ સુવિધા લાગુ કરવા માટે સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ (CRIS) અને IRCTC મળીને સોફ્ટવેરમાં જરૂરી ફેરફારો કરી રહ્યા છે. તમામ ઝોનલ રેલવેને કાઉન્ટરો પર ટેકનિકલ વ્યવસ્થા પૂર્ણ કરવા અને કર્મચારીઓને તાલીમ આપવા નિર્દેશ આપવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેના મુંબઈ હેડક્વાર્ટરે પણ સંબંધિત વિભાગોને નિર્ધારિત સમયમર્યાદામાં તૈયારીઓ પૂર્ણ કરવા કહ્યું છે.

# આજે માવઠાની આગાહી વચ્ચે તાપમાન ૩૭.૨ સેલ્સિયસ ડિગ્રી

**પવન** ફૂંકાતો નહીં હોવાથી ઉકળાટનો અનુભવ



સુરતઃ સુરત શહેરમાં ગરમીનો અનુભવ યથાવત્ રહેવા સાથે તાપમાનમાં ફરી વધારો નોંધાયો છે. આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં અડધા ડિગ્રીનો વધારો થતાં દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. હવામાં ભેજનું પ્રમાણ ૪૩ ટકા નોંધાયું હતું. બીજી તરફ, આવતીકાલથી માવઠાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જેના પગલે આગામી દિવસોમાં હવામાનમાં પલટો આવવાની શક્યતા છે.

સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને ૩૭.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી વધીને ૨૪.૪ ડિગ્રી નોંધાયું હતું. તાપમાનમાં થયેલા વધારા સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૩ ટકા રહેતાં અને પવનની ગતિ મંદ રહેતાં શહેરીજનોએ બફારા અને ઉકળાટનો અનુભવ કર્યો હતો. હાલ દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે, પરંતુ આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર થવાની શક્યતા છે. હવામાનમાં પલટાના સંકેતો વચ્ચે આવતીકાલથી સુરત સહિતના વિસ્તારોમાં માવઠું થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

જો માવઠું થાય તો તાપમાનમાં ફેરફાર જોવા મળી શકે છે. માવઠા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરે અને ઠંડીનું આગમન થાય તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આગામી દિવસોમાં તાપમાન કેવું રહેશે અને ઠંડીની શરૂઆત ક્યારે થશે તે હવામાનની સ્થિતિ પર નિર્ભર રહેશે.

# બોર્ડના ફોર્મમાં નામ, અટક કે DOBની ભૂલ સુધારવા DEOનો ખાસ કેમ્પ

**૨૭મીએ** કતારગામની અંકુર વિદ્યાભવન ખાતે આયોજન કરવામાં આવ્યું

સુરત : બોર્ડની પરીક્ષાનાં ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓના નામ, અટક, જાતિ કે જન્મતારીખમાં થતી ભૂલોને કારણે વાલીઓને પાછળથી ભારે હાલાકી ભોગવવી પડે છે. આવી ભૂલો સુધરાવવા માટે ગાંધીનગર બોર્ડ કચેરી સુધી ધક્કા ખાવા ન પડે અને સમય તથા નાણાંનો બગાડ અટકે તે હેતુથી સુરત જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા ૨૭ ઓક્ટોબરના રોજ ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કતારગામ વિસ્તારની અંકુર વિદ્યાભવન ખાતે યોજાનારા આ કેમ્પમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા માટે જરૂરી સુધારા કરવામાં આવશે. સુરત શહેર અને જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના શૈક્ષણિક દસ્તાવેજોમાં રહેલી ભૂલો સુધારવાનો આ કેમ્પનો મુખ્ય હેતુ છે. સામાન્ય રીતે બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ મોટી સંખ્યામાં વાલીઓ વિદ્યાર્થીઓના નામ, અટક અને અન્ય વિગતોમાં સુધારા કરાવવા માટે ગાંધીનગર બોર્ડ કચેરીના ધક્કા ખાતા હોય છે. આ પ્રક્રિયામાં વાલીઓનો સમય અને નાણાં ખર્ચાય છે, જ્યારે વિદ્યાર્થીઓને પણ જરૂરી દસ્તાવેજોમાં સુધારા કરાવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના સરળ ઉકેલ માટે DEO કચેરી દ્વારા શાળાકક્ષાએથી જ જરૂરી સુધારા કરાવવાની દિશામાં આ પહેલ કરવામાં આવી છે. કેમ્પમાં વિદ્યાર્થીઓના નામ, અટક, જાતિ અને જન્મતારીખમાં રહેલી ભૂલો સુધારવાની કામગીરી કરવામાં આવશે. આ આયોજનથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડમાં ચોકસાઈ જળવાશે અને વાલીઓને પણ બિનજરૂરી દોડધામમાંથી રાહત મળશે.

# લિંબાયતમાં રિક્ષામાં સવાર એકાઉન્ટન્ટ પર ચાકુની અણીએ લૂંટ

સુરત : મૂળ રાજસ્થાનના સિકર જિલ્લાના વતની અને હાલ સુરતના પુણા કુંભારીયા ખાતે નેચર વેલી સોસાયટીમાં રહેતા ક્રિષ્ના ઓમપ્રકાશ બિયાની (ઉં.વ. ૪૭) સિલ્ક સિટી કાપડ માર્કેટમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૨૦/૧૦/૨૦૨૬ ના રાત્રિના આશરે આઠેક વાગ્યાના અરસામાં તેઓ લિંબાયતના રતનચોક ખાતે આવેલા સાંઈબાબા મંદિરની બાજુમાંથી એક ઓટો રિક્ષામાં બેઠા હતા. થોડે આગળ રિક્ષા ગયા બાદ નિલગીરી સર્કલથી સંજયનગર તરફ જતા રોડ પર આવેલી એક ગ્રાઉન્ડની બાજુમાં રિક્ષા અચાનક ઊભી રાખી દેવામાં આવી હતી. ક્રિષ્નાભાઈએ ડ્રાઈવરને પૂછ્યું કે રિક્ષા કેમ ઊભી રાખી છે, તો ડ્રાઈવરે રિક્ષા ગ્રાઉન્ડની અંદર તરફ હંકારવા માંડી હતી. ક્રિષ્નાભાઈએ વિરોધ કરતા તેમની બાજુમાં બેઠેલા બંને અજાણ્યા ઈસમો ઉશ્કેરાઈ ગયા હતા અને 'જો ભી તુમ્હારે પાસ હૈ વો નિકાલ દો' તેમ કહી ચાકુ જેવું તીક્ષ્ણ હથિયાર બતાવી ધાકધમકી આપવા લાગ્યા હતા. ક્રિષ્નાભાઈએ પ્રતિકાર કરતાં આરોપીઓએ તેમને ધક્કો મારી નીચે પાડી દીધા હતા અને બે ઈસમોએ પકડી રાખ્યા હતા, જ્યારે રિક્ષા ચાલકે તેમના જમણા હાથની આંગળીમાંથી અંદાજે રૂપિયા ૪૦,૦૦૦ કિંમતની સોનાની વીંટી તથા પેન્ટના પાછળના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૧,૧૦૦ લૂંટી લીધા હતા.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### પરીક્ષાના તણાવમાં...

હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેને દાખલ કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, વિનીતકુમાર પરીક્ષાના તણાવને કારણે ગત ઓગસ્ટ મહિનામાં યોજાયેલી પરીક્ષા આપી શક્યો નહોતો. ત્યારબાદ બિકાનેર ખાતે તેની માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સારવાર શરૂ કરવામાં આવી હતી.

### પહેલા માળેથી...

ગયો હતો. આ દરમિયાન અચાનક તે નીચે પટકાયો હતો. નીચે ગ્રાઉન્ડ ફ્લોરના કોલમનો બહાર નીકળેલો સળિયો તેની ડાબી આંખમાં ઘૂસી ગયો હતો અને આરપાર નીકળી ગયો હતો. સ્થળ પર હાજર કેટલાક લોકોએ હિંમત દાખવી ગ્રાઈન્ડરની મદદથી કોલમમાંથી સળિયો કાપ્યો હતો. ત્યારબાદ લોહીલુહાણ હાલતમાં કિરણને આંખમાંથી આરપાર નીકળેલા અંદાજે અઢી ફૂટ લાંબા સળિયા સાથે પ્રથમ બારડોલીની હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે તેને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની હાલત ખૂબ જ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### 8 કલાકનું...

સુરતમાં સભા યોજવાની મંજૂરી માગવામાં આવશે. જો આ વખતે પણ પોલીસ મંજૂરી નહીં આપે તો ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવશે. આ પિટિશનમાં કલેક્ટર, પોલીસ, ડેપ્યુટી લેબર કમિશનર, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO), કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESI) સહિતના સંબંધિત વિભાગોને પક્ષકાર બનાવી ન્યાયની માગણી કરવામાં આવશે.

કામદાર સંગઠનોએ જણાવ્યું હતું કે, એમ્બ્રોઈડરી કામદારોની મુખ્ય માગણીઓમાં આઠ કલાકની પાળી મુજબ વેતન આપવું, 12 કલાક કામ લેવામાં આવે તો વધારાના ચાર કલાકનું નિયમ મુજબ ઓવરટાઈમ ચૂકવવું અને સપ્તાહમાં એક દિવસની રજા આપવાનો સમાવેશ થાય છે. કારખાનાના માલિકો અને કામદારો સાથે બેસીને રજાની વ્યવસ્થા નક્કી કરે તથા સોમવારથી રવિવાર દરમિયાન રોટેશન મુજબ દરેક કામદારને સપ્તાહમાં એક દિવસની રજા આપવામાં આવે તો વિવાદનો ઉકેલ આવી શકે છે, એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો. યુનિયનના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, કામદારોની માગણીઓનો ઉકેલ લાવવાને બદલે એમ્બ્રોઈડરી કારખાનાના માલિકોના કેટલાક આગેવાનો રાજકીય મુદ્દો બનાવી ઔદ્યોગિક અશાંતિ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કામદારોને નિયમ મુજબના વેતન, કામના કલાકો અને સાપ્તાહિક રજાના અધિકારો મળે તે માટે સંગઠનો લડત ચાલુ રાખશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

### સિટીલાઇટમાં લંડનથી...

સરળતાથી દરવાજો ખોલી શકાય તેમ હતું. ચોરી થયેલા મોબાઈલ ફોનમાં પર્પલ કલરનો આઈફોન ૧૪ પ્રો મેક્સ (કિંમત આશરે રૂા. ૪૦,૦૦૦/-) તથા તેમની પત્ની ઈશાનો ગોલ્ડન કલરનો આઈફોન ૧૬ પ્રો મેક્સ (કિંમત આશરે રૂા. ૫૦,૦૦૦/-) તે બંને મળીને કુલ રૂા. ૯૦,૦૦૦/- ની મત્તાના ફોન ચોરાયા હતા. વિદેશથી વેકેશન મનાવવા આવેલા એન્જિનિયરના ઘરેથી જ કિંમતી ગેજેટ્સ ચોરાઈ જતા આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.ઉમરા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તેમની શોધખોળ હાથ ધરી છે.

### ઉધનામાં રાહુલ...

ઓક્ટોબરે રાત્રે સવા બાર વાગ્યાના સુમારે તેના મિત્રો સચિન, રાહુલ, રવિ અને આકાશ સાથે સિગારેટ તથા ચા પીવા માટે ડિંડોલી અમૃતતુલ્ય હોટેલ ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે રાત્રે આશરે બે વાગ્યે ઉધના છત્રપતિ શિવાજી ચોક પાસે બાઈક ઊભી રાખી હતી. તે જ સમયે એક્સેસ મોટરસાઈકલ પર આવેલા કૃણાલ ઉર્ફે બટકો મોહીતે અને રાજા ગાંડા નામના ઈસમોએ અજય સાથે બોલાચાલી કરી હતી. અજયને તેની મરજી વિરુદ્ધ જબરદસ્તી બાઈક પર બેસાડી, અપહરણ કરી રાહુલ એપાર્ટમેન્ટ સ્થિત બાજપાઈ આવાસ ખાતે લઈ ગયા હતા. ત્યાં અગાઉથી જ હાજર રાહુલ ઉર્ફે રાહુલ એપાર્ટમેન્ટ ભાયદાસભાઈ પીપળે, વિપુલ ઉર્ફે નાગ્યા જ્ઞાનદેવ, પ્રશાંત ભટેસિંગ રાજપૂત, કલ્પેશ ઉર્ફે ટર્કી સંજય ચૌધરી તથા અન્ય અજાણ્યા ઈસમોએ તેને ઘેરી લીધો હતો. આરોપીઓએ ૨૦૨૨ના જૂના ઝઘડાની ફરિયાદમાં સમાધાન કરવા અજય પર દબાણ કર્યું હતું. અજયે સમાધાન કરવાની ના પાડતાં ઉશ્કેરાયેલા રાહુલ એપાર્ટમેન્ટ, કૃણાલ, રાજા, કલ્પેશ અને વિપુલે લાકડાના ફટકા વડે ઢોરમાર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન કલ્પેશ ઉર્ફે ટર્કીએ પોતાના ખિસ્સામાંથી લોખંડનું પક્કડ કાઢીને અજયના ડાબા પગના અંગૂઠાનો નખ ખેંચી કાઢી નિર્દયી અત્યાચાર ગુજાર્યો હતો. અઢી કલાક સુધી ગોંધી રાખી "જો સમાધાન નહીં કરે તો આ વખતે જાનથી મારી નાખીશું" તેવી ધમકી આપી સવારે ચાર વાગ્યે આરોપીઓ અજયને ભેસ્તાન ખાતે તેના ઘર નજીક ફેંકીને ભાગી ગયા હતા. ઉલ્લેખનીય છે કે મુખ્ય સૂત્રધાર રાહુલ ઉર્ફે રાહુલ એપાર્ટમેન્ટ ભાયદાસભાઈ પીપળે અગાઉ પણ અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંકળાયેલો રહ્યો છે.

### દિવાળીની ખરીદી...

વરાછા, કતારગામ, પુણાગામ, ન્યૂ બોમ્બે માર્કેટ, વેડરોડ, ઉધના, લિંબાયત અને અડાજણ સહિતનાં બજારોમાં ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શહેરનાં પરંપરાગત બજારોથી લઈને આધુનિક શોરૂમ સુધી ખરીદીની ચહલપહલ જોવા મળી હતી. સુરતનાં હાર્દ સમાન ચૌટાબજાર અને ભાગળ વિસ્તારમાં ખરીદદારોની ભારે ભીડ જામી હતી. વરાછા રોડ, કતારગામ, પુણાગામ અને ન્યૂ બોમ્બે માર્કેટમાં રત્નકલાકારો તથા મધ્યમ વર્ગનાં પરિવારોની ખરીદી માટે ભીડ જોવા મળી હતી. અહીં કપડાં અને ઘરેણાંના શોરૂમમાં ગ્રાહકોનો ધસારો રહ્યો હતો. બીજી તરફ વેડરોડ, ઉધના અને લિંબાયત વિસ્તારમાં શ્રમિકો તથા મધ્યમ વર્ગના પરિવારો પોતાના બજેટને અનુરૂપ ખરીદી કરતા જોવા મળ્યા હતા. અડાજણના આનંદ મહલ રોડ સહિતના પોશ વિસ્તારોમાં બ્રાન્ડેડ શોરૂમ અને ઇલેક્ટ્રોનિક્સની દુકાનોમાં પણ ગ્રાહકોની અવરજવર વધી હતી. કપડાં સાથે મેળ ખાતાં જૂતાં-ચંપલ, બેલ્ટ, ઘડિયાળ અને અન્ય શણગારની વસ્તુઓ ખરીદવા માટે પણ યુવાનો મોટી સંખ્યામાં નીકળ્યા હતા. પરિણામે ફૂટવેર અને ઘડિયાળના શોરૂમમાં પણ ખરીદીનો માહોલ જામ્યો હતો.

### બજારોમાં તેજીથી...

હતી. ગ્રાહકોની વધતી અવરજવરથી વેપારીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, પગાર અને બોનસ મળતાં ગ્રાહકો ખરીદી માટે બજારમાં આવી રહ્યા છે. ઓનલાઇન ખરીદીની સાથે સ્થાનિક બજારોમાં રૂબરૂ આવીને વસ્તુઓ પસંદ કરવાની પ્રવૃત્તિ પણ જોવા મળી રહી છે, જે નાના વેપારીઓ માટે રાહતરૂપ બની શકે છે.

### પાંડેસરામાં EV...

ચારેય મોટરસાઈકલો સંપૂર્ણ પણે બળીને ખાખ થઈ ગઈ હતી અને અન્ય કોઈ પણ પ્રકારની જાનહાનિ સર્જાઈ ન હતી.


ફક્ત રૂ. ૭૦/- થી શરૂ
જબરજસ્ત એકશન



જેલર-2
રજનીકાન્ત
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
હોરર, ધ્રૂજારીપૂર્ણ (હિન્દી)



418
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત



રોમાંન્ટિક મ્યુઝીકલ કોમેડી ચિત્ર
ઉડતા તીર
આયુષ્યમાન ખુરાના, સારાઅલીખાન
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રેઃ ૧૦.૧૫
એકશન થ્રીલર હીટ ફિલ્મ
જેલર-2
રજનીકાંન્ત
૧૧.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રેઃ ૯.૦૦, ૧૦.૦૦

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ત્રીજો માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007 @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm
ઉડતા તીર ૯.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫
જેલર 2 ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
પ્રહાર ૯.૨૫, ૨.૧૦, રાત્રે ૮.૪૫
તુ હૈ મેરી કિરણ ૪.૦૦, ૭.૪૦ (હિન્દી)
હનુમાન અંશ ૧.૨૦ (હિન્દી)
418 ૩.૩૦, રાત્રેઃ ૮.૨૦
હોપ ૬.૧૦, ૭.૧૦
પહેલા પ્યાર દુસરી બાર ૯.૧૫, ૧૨.૦૦, ૩.૦૦, ૪.૪૦ રાત્રે ૧૦.૦૦
CLAYFACE ૯.૦૫, ૧.૩૫, રાત્રેઃ ૮.૦૫ (હિન્દી)
મિત્રતા સવારે ૧૧.૧૫ (ગુજરાતી)
કમાલ છે તુ કાકુ ૬.૨૦ (ગુજરાતી)
નઈ નવેલી
ડમરુ ૧૨.૧૦, ૫.૩૦ (ગુજરાતી)
ચોર નં.1 સવારે ૯.૦૫ (ગુજરાતી)
દ્રશ્યમ- 3 ૯.૩૦, ૧૧.૦૦, ૨.૩૦, રાત્રે ૯.૦૦
સ્ટ્રીટ ફાઈટર ૬.૦૦
તુમ મેરે હો સવારે ૧૧.૪૫